# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- સુરતના અડાજણ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તથા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે “સાયબર સંજીવની 3.0” અભિયાનનો શુભારંભ
- કચ્છના લખપત અને અબડાસામાં ભેદી તાવ બાબતે સર્વેલન્સ ટીમના અહેવાલ બાદ આવશ્યક કામગીરી કરવા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની હૈયાધારણ
- રાજ્યની વિવિધ સરકારી ઇમારતો પર 48 મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે.
- ગોધરામાં નીટ પરીક્ષા કૌભાંડમાં સીબીઆઇ દ્વારા ઝડપાયેલ પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરાઈ.
- આજે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ - આ વર્ષનો વિષય છે - બહુભાષી શિક્ષણ પ્રોત્સાહન : પરસ્પર સમજણ અને શાંતિ માટે સાક્ષરતા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SURAT- CYBER SANJIVANI 3.0

સુરતના અડાજણ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તથા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે “સાયબર સંજીવની ૩.૦” અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

સુરતને સાયબર સેફ બનાવવા અને સુરતીઓને ઓનલાઈન છેતરપિંડીથી બચાવવા માટે સુરત શહેર પોલીસ અને સાયબર સુરક્ષા સેતુના સહયોગથી આ અભિયાનનો પ્રારંભ કરાયો છે.

આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું હતું કે, સાયબર ક્રાઈમનો ભોગ બનતા લોકોએ પોલીસને ખુલ્લા મને પોતાની વાતો, મૂંઝવણ અને સાચી હકીકતો જણાવી દેવી જોઇએ, જેથી તેઓ ઝડપભેર કાર્યવાહી કરી શકશે. નાગરિકો સાયબર ફ્રોડના કિસ્સાઓમાં સાયબર હેલ્પલાઈન નં. ૧૯૩૦ ઉપર કોલ કરીને સહાયતા મેળવવા સાથે ફરિયાદ કરી શકે છે.

ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું કે, સુરત શહેરના ખૂણે ખૂણે સાયબર સંજીવની વેન ફરીને સાયબર ક્રાઈમથી બચાવવામાં મદદરૂપ બની રહી છે.

-----------

## RUSHIKESH PATEL- KUTCH 22 TEAM

કચ્છના લખપત અને અબડાસા  તાલુકામાં ભેદી તાવથી ચાર દિવસમાં 12 લોકોના મોત થતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

કચ્છ જિલ્લાના કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું હતું કે લખપત તાલુકાના ગામોમાં જ્યાં મોત થઇ રહ્યા છે, ત્યાં મૃતકના પરિવારજનોના ડેન્ગ્યુ, મલેરિયા, એચ વન એન વન સ્વાઈન ફ્લૂ તેમજ ન્યુમોનિયા સંબંધિત સેમ્પલ લઈને રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે તેમજ આરોગ્ય વિભાગની 22 જેટલી ટીમો સર્વેલંસ કરી રહી છે. તો સાથે જ રાજકોટ અને ગાંધીનગરથી પણ ટીમો સર્વે માટે તેમજ વધુ ચકાસણી માટે ત્યાં પહોંચી છે. ત્યાંનાં પીએચસી સેન્ટરના ડોક્ટરોને પણ ઓપીડી ચેકઅપ માટે કાર્યરત કરવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ....

(બાઇટ -ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

----------------------

# SOLAR ROOFTOP

સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વર્ષ 2024-25માં રાજ્યની વિવિધ સરકારી ઇમારતો પર 48 મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે.

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે સોલાર રૂફટોપ સ્થાપિત કરવા માટે રાજ્યસરકાર દ્વારા 177 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હાલ 56.8 મેગાવોટ ક્ષમતાની 3 હજારથી વધુ સોલાર રૂફટોપ સિસ્ટમ સક્રિય છે. ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઉર્જાનું ચાલુ વર્ષમાં 24 હજાર સાતસો પાંસઠ પોઇન્ટ ત્રણ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં 9 હજાર 637 એમ.યુ. સોલાર, 14 હજાર 201 એમ.યુ.પવન, 885.325 એમ.યુ. હાઇડ્રો, 69 સ્મોલ હાઇડ્રો અને 42 એમ.યુ. બાયોમાસ અને બગાસ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સૂર્ય શક્તિને મહત્વની ઉર્જાશક્તિ તરીકે વિકસાવીને ગુજરાત અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે.

-------------------

## GODHARA-NEET

ગોધરામાં નીટ પરીક્ષા કૌભાંડમાં સીબીઆઇ દ્વારા ઝડપાયેલ પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરાઈ.

સીબીઆઇ દ્વારા તપાસ કરવામાં આવ્યા બાદ પાંચ આરોપીઓ સામે 3200 પાનાની ચાર્જશીટ સ્પેશિયલ કોર્ટમાં ફાઈલ કરવામાં આવી છે. તો બીજી તરફ સીબીઆઇના અધિકારીઓની એક ટીમ ગોધરા ખાતે છેલ્લા ત્રણ દિવસથી તપાસ કરી રહી છે. આ ચાર્જશીટમાં 113 સાક્ષીઓ પૈકી 65 સાક્ષીઓના નિવેદનો નોંધ્યા છે. બીજી તરફ આરોપીઓ દ્વારા પરીક્ષા પહેલા અને પરીક્ષા બાદ ગોધરા અને વડોદરા ખાતે આવેલી ખાનગી હોટલોમાં કરવામાં આવેલી મિટિંગોના પણ સીસીટીવી સામે આવ્યા છે. સીબીઆઇ દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી તપાસમાં જે વિદ્યાર્થીઓને ચોરી કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે વિદ્યાર્થીઓના વાલીઓના બેંક એકાઉન્ટ તેમજ તેઓના નોકરી ધંધાના સ્થળોની પણ તપાસ કરવામાં આવી છે.

---------

## BANASKANTHA- SADSYATA ABHIYAN

રાજ્ય કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે બનાસ કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયની મુલાકાત કરી હતી. પાર્ટીમાં ચાલતા સદસ્યતા અભિયાન કામગીરીની જિલ્લાના પદાધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

-----------------

## MAHESANA-SADSYTA-ABHIYAN

મહેસાણા જિલ્લામાં સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે આજે મહેસાણા કમળા બા હોલ ખાતે તેમજ વિસનગર APMC હોલ ખાતે સદસ્યતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત જિલ્લા ભાજપ અધ્યક્ષ ગિરીશ રાજગોર તેમજ મહેસાણા જિલ્લા અને વિસનગર તાલુકા/શહેરના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય મંત્રીએ કાર્યકરોને સદસ્યતા અભિયાનમાં જોડાઈ વધુમાં વધુ સભ્યોની નોંધણી કરવા અપીલ કરી હતી. તેમજ તેમના વિસ્તાર માંથી એક લાખ પચાસ હજાર સભ્યોની નોંધણીનો લક્ષ્યાંક જણાવ્યો હતો. જિલ્લા ભાજપ અધ્યક્ષ ગિરીશ રાજગોરે જિલ્લાના તમામ કાર્યકર્તાઓને વધુ સદસ્યો નોંધાય એ દિશામાં કામે લાગી જવા અપીલ કરી હતી.

-----

# VP-LITERACY-DAY.rtf

આજે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ છે. દરેક વ્યક્તિ, સમુદાય અને સમાજ માટે સાક્ષરતાના મહત્વ તરફ ધ્યાન દોરવા માટે તેનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષનો વિષય છે -બહુભાષી શિક્ષણ પ્રોત્સાહન : પરસ્પર સમજણ અને શાંતિ માટે સાક્ષરતા

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એક મોટું પરિવર્તનકારી પગલું છે અને તે યુવાનોને તેમની પ્રતિભા અને ઊર્જાનો સંપૂર્ણ ઉપયોગ કરવાની તક પૂરી પાડે છે. આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે ભાષાઓની સમૃદ્ધિની દ્રષ્ટિએ ભારત એક અનોખો દેશ છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રી ધનખડે દરેક વ્યક્તિને ઓછામાં ઓછી એક વ્યક્તિને સાક્ષર બનાવવાની પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે કોઈને સાક્ષર બનાવવું એ માનવતાની સેવા છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે હવે દેશને આગળ વધતા કોઈ રોકી શકશે નહીં. શ્રી ધનખડે જણાવ્યું હતું કે ગામડાઓ સુધીમાર્ગ સંપર્ક , શાળાઓ, વીજળી, શૌચાલય અને ઇન્ટરનેટ સેવાઓ સાથે દેશ તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યો છે.

-----------------------

## TARNETAR MELO – RAGHAVJI PATEL

સુરેન્દ્રનગરના થાનગઢમાં હાલ તરણેતરનો વિશ્વ પ્રસિદ્ધ મેળો ચાલી રહ્યો છે, ત્યારે રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ આજે મેળાની મુલાકાતે હતા. અહીં તેમણે પશુ પ્રદર્શન હરીફાઈ નિહાળી હતી અને પશુપાલકોને પ્રોત્સાહિત કર્યા હતા.

મંત્રીએ પશુ પ્રદર્શન હરીફાઈમાં સૌથી પહેલા ગાય માતાનું શાસ્ત્રોકત વિધિથી પૂજન કર્યું હતું. ઉપસ્થિત પશુપાલકો સાથે વાત કરીને તેઓ પશુઓની સારસંભાળ કઈ રીતે કરે છે, તેની પણ માહિતી મેળવી હતી.

આ લોકમેળામાં ચાલુ વર્ષે ત્રણ દિવસીય પશુ પ્રદર્શન હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. પશુપાલકોને પ્રોત્સાહન મળી રહે તે માટે ૩૭ લાખ ૯૧ હજારનાં ૨૨૧ ઈનામો વિવિધ કેટેગરીમાં આપવામાં આવી રહ્યા છે. આ પશુ પ્રદર્શનમાં ‘ચેમ્પિયન ઓફ ધ શો’ ને એક લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું.

મોરબીના પશુપાલક સાનિયાભાઇને તેમના પશુને ગીર સાંઢ ચેમ્પિયન ઓફ ધ શો જાહેર કરાયો છે.

. . . . . . . . . . . . . . . . .

## RUSHIPANCHAMI - BHAVNAGAR

આજે ભાદરવા સુદ પાંચમને ઋષિપંચમી તરીકે ઉજવવામાં આવે છે. જેને સામા પાંચમ પણ કહે છે. આ દિવસે મહિલાઓ નદી કાંઠે જઇ સપ્તઋષિને યાદ કરી સ્નાનાદિ કરી ઉપવાસ કરે છે. અને પાપદોષમાંથી મુક્તિ મેળવે છે.

ભાવનગર જિલ્લાના ઘોઘા, તળાજા, મહુવા તાલુકાના સમુદ્રી તટે આવેલા નિષ્કલંક મહાદેવના સાનિધ્યમાં મહિલાઓ, શ્રદ્ધાળુઓએ ભારે આસ્થાભેર સ્નાન કરીને દિવસના ધાર્મિક મહત્વને સાકાર કર્યું હતું.

આજે ઋષિ પાંચમના દિવસે સુરેન્દ્રનગરમાં હજારો લોકોએ ત્રિનેત્રેશ્વર મહાદેવના દર્શન કરી કુંડમાં ગંગા સ્નાન કર્યું હતું. આજે તરણેતરના મેળામાં લાખો લોકો મેળો માણવા ઊમટી પડ્યા છે અને આવતીકાલે મેળો પૂર્ણ થઈ જતો હોવાથી આજે લોકો મન ભરીને મેળો માણી રહ્યા છે.

-----

## VARSAD - DISTRICT

કડાણા ડેમમાં ઉપરવાસ માંથી 75 હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. કડાણા ડેમ નું રૂલ લેવલ જાળવવા માટે ડેમ માંથી 80 હજાર ક્યુસેક પાણી મહીસાગર નદીમાં છોડવામાં આવી રહ્યું છે. કડાણા ડેમના 6 ગેટ 6 ફૂટ સુધી ખોલીને મહીસાગર નદીમાં પાણી છોડાતા મહીસાગર નદી બે કાંઠે વહેતી થઈ છે. બીજી તરફ 20 હજાર 400 ક્યુસેક પાણી પાવર હાઉસ મારફતે મહીસાગર નદીમાં છોડાતા પાવર હાઉસના 4 ટર્બાઇન કાર્યરત થતાં વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. તંત્ર દ્વારા જિલ્લાના 106 ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે . ઉપરાંત લોકોને નદી કિનારે ન જવા માટે પણ સૂચના આપવામાં આવી છે.કડાણા ડેમ લેવલ અત્યારે 417.4 ફૂટ પર પહોંચ્યું છે જ્યારે ડેમ નું કુલ લેવલ 419 ફૂટ છે.

સાબરકાંઠા જિલ્લાના કાડિયાદરાના કેરોલ નદીમાં કોઝવે પરથી કાર લઈને પસાર થઇ રહેલા દંપતી નદીના પાણીમાં ફસાયા હતાં. જોકે સ્થાનિક ગ્રામ જનો અને ફાયર બ્રિગેડ ટીમે રેસ્ક્યુ કરી તેમને બચાવી લીધા હતાં.

-----

## PATAN-FIRE STATION BHUMIPUJAN

પાટણ નગરપાલિકા દ્વારા સાત કરોડ 12 લાખ રૂપિયાના ખર્ચે ફાયર સ્ટેશનનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાનના સંયોજક કે.સી.પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કે.સી. પટેલે જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાના નિર્માણ પામનાર આ ફાયર સ્ટેશનના કારણે આખા જિલ્લાની અંદર ક્યારેય પણ કોઈ પણ પ્રકારની આકસ્મિક આગ લાગવાના પ્રસંગો બને ત્યારે એ આગ ઓલવવા માટે આ ફાયર સ્ટેશનમા ઉપલબ્ધ બનનારા અગ્નિશામક સાધનો ખુબ ઉપકારક બનશે.

પાટણ નગરપાલિકા દ્વારા સિદ્ધિ સરોવર નજીક 100 × 50 ચોરસ મીટર મા આકાર પામનાર જિલ્લા કક્ષાનું અધતન સાધન સુવિધા સાથેનું ફાયર સ્ટેશન સવા વર્ષની અંદર તૈયાર કરવામાં આવશે.

---------------

## Dang Svaraj Ashram Sthapna Divas

ડાંગના આહવા ખાતે આવેલા ઐતિહાસિક 'ડાંગ સ્વરાજ આશ્રમ' ના 77માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આશ્રમના ઐતિહાસિક મહત્વને ઉજાગર કરવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના સ્વપ્નદ્રષ્ટા સરદાર પટેલ અને 'વેડછી ના વડલા' તરીકેની ખ્યાતિ ધરાવતા જુગતરામના માર્ગદર્શન સાથે, ડાંગ જિલ્લાના પ્રજાજનોમાં સેવા અને શિક્ષણની જ્યોત જગાવતા 'બંધુ ત્રિપૂટી' તરીકે ઓળખાતા ધીરુભાઈ, છોટુભાઈ, અને ઘેલુભાઇ નાયકે આદરેલા 'સેવા યજ્ઞ' ના માધ્યમ તરીકે આ આશ્રમ અનેરું મહત્વ ધરાવે છે.

-------------------

# BHUJ METRO – TRAYAL

કચ્છ જિલ્લાના વિકાસમાં ચાવીરૂપ એવા રેલ ક્ષેત્રે વધુ એક સોપાન સર થવા જઈ રહ્યું છે. આજે પશ્ચિમ રેલવે હસ્તકના અમદાવાદ ડિવિઝન હેઠળ અમદાવાદ ભુજ વંદે મેટ્રો ટ્રેનની ટ્રાયલ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. ત્રણ યુનિટના કુલ 12 એસી કોચ સાથેની વંદે મેટ્રો ટ્રેન બપોરે 12 વાગીને 59 મિનિટે આવી પહોંચી હતી અને બપોરે 1 વાગીને 40 મિનિટે પરત અમદાવાદ માટે રવાના થઈ હતી. લગભગ 110 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડ ધરાવતી વંદે મેટ્રો ટ્રેનને નિર્ધારિત સફર પૂર્ણ કરતા 5 કલાકનો સમય લાગ્યો હતો.

-----

# 108 SEVA

ગુજરાતની જીવાદોરી સમાન ગણાતી 108 એમ્બ્યુલન્સ સેવામાં આજે એક એવો વધુ કેસ નોંધાયો હતો કે જેમાં 108 ના સેવા તંત્રએ નવજાત બાળકીને બચાવવાનું સેવા કાર્ય નિભાવ્યું છે.

કુદરતી કે કૃત્રિમ આપત્તિમાં સદાય સેવા માટે તત્પર એવી 108 એમ્બ્યુલન્સ સેવા, ફોન મળતાં ગણતરીની મિનિટોમાં અમદાવાદના નરોડા બસ સ્ટેન્ડ પહોંચી અને તરત જ બાળકીને સિવિલ કેમ્પસમાં 1200 બેડની હોસ્પિટલમાં દાખલ કરી.

ઘટનાની જાણકારી મુજબ નરોડા લોકેશનના ઇએમટી મનીષા મકવાણા તથા પાયલોટ જયેશભાઈને એક કોલ એવો મળેલો હતો કે જેમાં (ફોન કરનાર) ના જણાવ્યા મુજબ નરોડા બસ સ્ટેન્ડમાં કચરાના ડબ્બામાં એક નવજાત બાળકી પડી છે. જાણકારી મળતા જ 108 એમ્બ્યુલન્સ પાંચ થી છ મિનિટની અંદર ઘટના સ્થળે પહોંચી... માત્ર એક દિવસની નવજાત બાળકીના કુમળા ચહેરા પર ઘસરકા પડેલા જણાયા હતા. ઘટના સ્થળે જ સારવાર અપાઈ અને તેને એમ્બ્યુલન્સમાં ઓક્સિજનની મદદથી સારવાર આપતા આપતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાઈ... છેલ્લી માહિતી પ્રમાણે આ બાળકી હાલ સ્વસ્થ છે.

. . . . . . . . . . . . . . . .